ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૬ ટકા

ગાંધીનગર તાપમાન

મીનાબજારે સ્વૈચ્છિક સમય ઘટાડ્યો

કોરોનાના વધતાં સંક્રમણને પગલે મીનાબજારના વેપારીઓએ સ્વૈચ્છિક રીતે પાંચ વાગે બજાર બંધ કરવાનો નિર્ણય કર્યો : સોમવારથી તેનો અમલ કરાશે

ગાંધીનગર, તા.૧૦

કોરોનાને કારણે સમગ્ર નગર હાલ જાળવીને ચાલી રહ્યું છે. લગભગ સાહીઠેક દિવસના લોકડાઉન બાદ અનલોક થતા ધીમે ધીમે બજાર શરૂ થયા હતા. સરકાર દ્વારા સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી ધંધા રોજગાર શરૂ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી અને ત્યારબાદ અનલોક-૨ થતા સવારના ૭ થી સાંજના ૯ વાગ્યા સુધી વેપાર ધંધા ચાલુ રાખવા માટે મંજુરી આપવામાં આવી છે. પરંતુ સાથે સાથે નગરમાં કોરોનાના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. ઘણા નગરજનો કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ઘણા લોકડાઉનથી લઈ આજ સુધી ઘરની બહાર નથી નીકળ્યા અને ઘણા બિન્દાસ નગરમાં અવર-જવર કરે છે ત્યારે નગરમાં કયારે કોને કોરોના છે તે વિશે જાણ મેળવી શકાતી નથી. સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા છતાંય જયારે દુકાનોમાં ભીડ વધે ત્યારે આ બાબતનું ધ્યાન રહેતું નથી અને દુકાનદારો પણ ધંધો કરે છે પરંતુ કયાંકને કયાંક સંક્રમિત ધંધો કરનાર અને ગ્રાહક બંને થઈ શકે છે. આવી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને મીના બજારના વેપારીઓ દ્વારા તા. ૧૩ જુલાઈથી તા. ૩૧ જુલાઈ સુધી સવારે ૭ વાગ્યાથી લઈ સાંજે ૫ વાગ્યા સુધી જ સ્વેચ્છાએ વેપાર ધંધો ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમ શિવ માઈકો શોપીંગ વેપારી મંડળ દ્વારા જણાવાયું છે.નગરમાં પણ ધીમે ધીમે અનેક શોપીંગ સેન્ટરમાં આ રીતે જ સમય પાલન કરાઈ રહ્યું છે અને હવે મીનાબજારના વેપારીઓ પણ સાંજે ૫ વાગ્યે ધંધા પર વિરામ મુકશે.

લાયન્સ કલબ ગાંધીનગર ફેમીના દ્વારા વૃક્ષારોપણ અને ભૂખ્યાને ભોજન કરાવવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧૦

નગરની લોકડાઉનમાં જ પ્રારંભ થયેલી સંસ્થા લાયન્સ કલબ ગાંધીનગર ફેમીના દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે તા. ૪ જુલાઈના રોજ વૃક્ષારોપણ સાથે ભૂખ્યાંને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે સંસ્થાના કાર્યકરો દ્વારા ૩૦ વૃક્ષ વાવી ૧૦૦ શ્રમજીવીઓને ભોજન આપવામાં આવ્યું હતું. જેમાં વિનાયક ગ્રુપ પણ સહયોગી રહ્યું હતું તથા આ વૃક્ષોની જાળવણી અને સંભાળની ખાતરી વિનાયક ગૃપ દ્વારા સ્વિકારવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, ડિસ્ટ્રીકટ ચેરમેન એલ.કે. વાઘેલા, લાયન્સ પ્રેસિડન્ટ ઉમંગ પંડયા, લાયોનેસ પ્રેસિડન્ટ મિત્તલ રાણા, ગાઈડિંગ લાયન ડો. એ.આર. પટેલ, રોટરી પ્રેસિડન્ટ ઈલાબેન વોરા, જીઓ ગ્રીન એમ્બેસેડર ઓફ ગુજરાત તરીકે સન્માનિત વિનાયક ગૃપના વિક્રાંતભાઈ પુરોહિત સાથે સંસ્થાના સેક્રેટરી દક્ષાબેન, ટ્રેઝરર આરતીબેન, વૈશાલીબેન જોષી, ડિમ્પલબેન, ચંદાબેન તથા પ્રોજેકટ ચેરમેન લાયન અંજલીબેન પુરોહિત સહિત મોટી સંખ્યામાં સભ્યો પણ હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ મમતાબેન રાવલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

સે-૧૩ બીમાં સિનિયર સિટિઝન પરિવારનો 'વાનપ્રસ્થાશ્રમ વન' વિકસાવવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં પ્રકૃતિ પ્રેમી નાગરિકો હાલ જે રીતે ચોમાસાનો પ્રારંભ થયો છે તેનાથી આનંદમાં આવી ગયા છે અને આ સીઝનનો લાભ વૃક્ષારોપણ પ્રવૃત્તિથી ઉઠાવી રહ્યા છે કેમ કે આ ઋતુમાં વાવેલા રોપાં ઝડપથી જમીન સાથે એકરૂપતા કેળવ ચોંટી જાય છે અને તેમના વિકસિત થઈને મોટા વૃક્ષ બનવાની શકતા વધુ રહે છે. શહેરના સેકરટ-૧૩ બીમાં સિનિયર સિટિઝન પરિવારના વડિલો દ્વારા વૃક્ષારોપણ યોજાયું હતું. જેમાં સ્થાનિક કોર્પોરેટર જીતુભાઈ રાયકાએ ઉપસ્થિત રહી વડીલોનો ઉત્સાહ વધાર્યો હતો. વડિલો દ્વારા વૃક્ષારોપણ કરી અહીં 'વાનપ્રસ્થાશ્રમ વન'નું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

સેકટર-૧૩ બીમાં જાહેર ટોયલેટ બ્લોકની બાજુમાં ખુલ્લા સરકારી પ્લોટમાં સ્થાનિક વડિલો દ્વારા વૃક્ષારોપણ પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત જુદા જુદા વૃક્ષોના રોપા જેવા કે ગરમાળો, અર્જુન છાલ, આંબો, સરગવો, જાંબુ, સાહોલિયો વગેરેનું વાવેતર કર્યું હતું. જેને 'વાનપ્રસ્થાશ્રમ વન' નામ આપવામાં આવેલું છે. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર જીતુભાઈ રાયકાએ વડિલોની મદદ માટે જેસીબી મશીન થતા ત્રણ મજુરોની સુવિધા પુરી પાડવા સાથે જાતે હાજર રહી વૃક્ષારોપણ કરી વડિલોનો ઉત્સાહ વધારવા પ્રયાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળ પાસે ગત વર્ષે પણ સે-૧૩-બીના સિનિયર સિટિઝન પરિવાર દ્વારા આશરે ૨૫ જેટલા રોપાનું વાવેતર કરાયું હતું. જેમાંથી ૨૨ જેટલા છોડનો વિકાસ તેના ટ્રીગાર્ડથી ઉપર બહાર સુધી થઈ જવા પામ્યો છે જે માટે વડિલોની માવજતને સ્થાનિકો બિરદાવી રહ્યા છે.

આઈઆઈટી ખાતે વિદ્યાર્થીનીનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર આઈઆઈટી વિદ્યાર્થીનીના આપઘાતનો કિસ્સો સામે આવ્યો છે. પશ્ચિમ બંગાળની રહેવાસી ૩૩ વર્ષિય વિદ્યાર્થીની પિયુ ઘોષ એન્જિનિયરીંગમાં પીએચડીનો અભ્યાસ કરતી હતી. કેમ્પસ ખાતે પોતાના રૂમમાં જ વિદ્યાર્થીનીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ પશ્ચિમ બંગાળની વિદ્યાર્થીની વતનથી પરત ફરતા તેને કોલેજ કેમ્પસ ખાતે અલગ કવોરન્ટાઈન કરવામાં આવી હતી. ત્યારબાદ ૬ જુલાઈના રોજ તેણીનો મૃતદેહ રૂમમાં લટકતી હાલતમાં મળી આવ્યો હતો. જો કે વિદ્યાર્થીનીએ આપઘાત તા.૩ જુલાઈના રોજ રાત્રીના સમયે આપઘાત કર્યો હોવાની શંકા વ્યકત કરાઈ છે કારણ કે તા.૩ જુલાઈની સાંજ પછી તેને કોઈના ફોન રીસીવ કર્યા નથી. તેની પાસેથી એક ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં અંગ્રેજી ભાષામાં લખ્યું હતું કે હું દુનિયાને અલવિદા કરું છુ. મારુ બોડી ડોનેટ કરી દેજો, લેબોરેટરીનો સામાન લેબોરેટરીમાં અને પૂજાનો સામાન કોલેજના પૂજાઘરમાં આપી દેજો. આઈઆઈટી કેમ્પસમાં વિદ્યાર્થીનીના અચાનક આપઘાતને પગલે સમગ્ર કેમ્પસના વિદ્યાર્થી આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ રામભાઈ માધવલાલ, ઉ.વ. ૮૪, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. સીમાબેન સંજયકુમાર સોની, ઉ.વ. ૪૨, જીવરાજપાર્ક, અમદાવાદ
- સ્વ. ગુલાબબા બાદરજી ચૌહાણ, ઉ.વ. ૭૦, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. લીલાબેન નટવરગીરી ગોસ્વામી, ઉ.વ. ૮૦, સેકટર-૨૪, ઈન્દિરાનગર
- સ્વ.વાઘેલા શેતાનસિંહ નેનાજી, ઉ.વ. ૬૫, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. લાલજી સુરસિંહ રાજપુત, ઉ.વ. ૮૦, કુડાસણ, ગાંધીનગર
- સ્વ. કોકિલાબેન મંગળભાઈ પટેલ, ઉ.વ. ૬૫, ચાંદખેડા, અમદાવાદ

ભેટસોગાદોમાં પણ આવ્યું પરિવર્તન : માસ્ક, સેનેટાઈઝર ઉપરાંત હવે 'કેર પેક'નો ટ્રેન્ડ

ગાંધીનગર, તા.૧૦

છેલ્લા પાંચેક માસમાં નોવેલ કોરોના વાયરસને કારણે સમગ્ર દુનિયામાં હાહાકાર મચી જવા પામ્યો છે અને સમગ્ર માનવજીવનમાં ઘણું પરિવર્તન આણી દીધું છે. અત્યાર સુધી આપણે વિકસાવેલ ઘણા રીતરિવાજો તથા સામાજિક શિષ્ટાચારમાં ઘણો બદલાવ આવ્યો છે. એક સમયે જયાં કોઈ પણ પ્રસંગે સજાવટની ચીજવસ્તુઓ, ઘરેણાં, ઈલેકટ્રોનિકસ ઉપકરણો કે સ્ટેશનરી અથવા ઘરગથ્થું ઉપયોગની વસ્તુઓની ભેટસોગાદ આપવામાં આવતી હતી તેનું સ્થાન હવે માસ્ક, સેનેટાઈઝર, કેરપેક કે થર્મલ સ્કેનર જેવી ચીજવસ્તુઓએ લીધું છે.

છેલ્લા બે ત્રણ માસથી આ એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે કે કોઈના જન્મદિવસ, લગ્ન પ્રસંગ કે નિવૃત્તિ સમારંભમાં શુભેચ્છા આપવા માટે શહેરીજનો હવે કયાં તો માસ્કનું પેકેટ કે સેનેટાઈઝરનું બોકસ અથવા બોટલ લઈને જાય છે. જો સંબંધ વધુ મજબૂત હોય તો દુકાન કે ઓફિસનાં ઉદઘાટન જેવા પ્રસંગે થર્મલ સ્કેનરની પણ ભેટ આપવામાં આવી રહી છે. આ સાથે એક નવો ટ્રેન્ડ એ પણ જોવા મળ્યો છે કે બજારમાં કેર પેક જેવા નામથી નવા ગીફટસ આર્ટિકલ મળતા થયા છે જેમાં કોરોના જેવી બીમારી કે આકસ્મિક સમયે ઉપયોગમાં લઈ શકે તેવી ચીજવસ્તુઓ જેવી કે માસ્ક, સેનેટાઈઝર, ગ્લોવ્ઝ વગેરે ઉપરાંત મીલ્ક પાવડર વગેરે જેવી ઈન્સ્ટન્ટ મીકસ કરી ઉપયોગમાં લઈ શકાય અને જેનાથી ઈમ્યુનિટી વધારી શકાય તેનો પણ સમાવેશ તેમાં જોવા મળે છે. આ સાથે તેમાં કેટલીક કોમન રીતે ઉપયોગમાં લેવામાં આવતી દવાઓ જેમ કે પેરાસિટામોલ, સુદર્શન ઘનવટી, સંશયની વટી વગેરેનો પણ સમાવેશ કરે છે.

ચોમાસુ શરૂ થતાં વૃક્ષારોપણ કાર્યક્રમો ઠેર ઠેર શરૂ થયા છે. નવા સચિવાલયમાં સુંદર છોડ વૃક્ષારોપણ માટે લાવવામાં આવ્યા હતા. જો કે અહીં પણ કોરોનાની અસર જોવા મળી રહી છે. નવા છોડવાઓની વચ્ચે સેનેટાઈઝરની ખાલી બોટલો અનેકાગળના ડુચા જોવા મળી રહ્યા છે.

કોરોના ઈફેકટ : 'પલ્સ ઓકિસમીટર'નો ઘરગથ્થું વપરાશ વધ્યો..!!

લોહીમાં ઓકિસજનની સંતૃપ્તાનું પ્રમાણ માપતું 'પલ્સ ઓકિસમીટર' ઘરમાં વસાવવાનો ટ્રેન્ડ વધ્યો : હૃદયના ધબકારા માપવા માટે પણ તેનો ઉપયોગ થાય છે : ડોકટરની સલાહ વગર ઉપયોગ કરવો હિતાવહ નથી : ડો. અનિલ ચૌહાણ

ગાંધીનગર, તા.૧૦

કોરોના કટોકટીમાં ભલે લોકડાઉન પુરું થઈ ગયું હોય અને અનલોક-૨ હેઠળ જાહેર જનજીવન થાળે પડતું નજરે ચઢતું હોય પરંતુ હજુ પણ સતત ક્રિકેટ મેચના સ્કોરબોર્ડની જેમ વધી રહેલા કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યાને કારણે સરેરાશ માનવી ચિંતાતુર જણાઈ રહ્યો છે. અત્યાર સુધી કોરોનાથી બચવા માસ્ક પહેરવાનું શરૂ કર્યું, સેનેટાઈઝર વાપરવાનું શરૂ કર્યું, આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથી દવાઓ લીધી અને યોગ-પ્રાણાયામ પણ શરૂ કરી દીધાં છતાં હજુ પણ સરેરાશ વ્યકિતને એ ચિંતા છે કે મને કોરોના છે કે નહી અને આ સવાલનો જવાબ મેળવવા હવે 'પલ્સ ઓકિસમીટર' જેવા ઉપકરણોનો પણ સહારો લેવાનો શરૂ થઈ ગયો છે જેના કારણે તેનો બજારમાં ઉપાડ વધ્યો છે.

'પલ્સ ઓકિસમીટર'એ એક એવું ઉપકરણ છે જેને આંગળીએ પહેરવામાં આવે છે અને તે વ્યકિતના શરીરમાં 'ઓકિસજન સેચ્યુરેશન' ની માત્રા તથા પલ્સ રેટ એટલે કે ધબકારની સ્થિતિ દર્શાવે છે. સામાન્ય રીતે વ્યકિત પોતાના નાક દ્વારા શ્વાસ લઈ હવામાંથી જે ઓકિસજન મેળવે છે તે પૈકી કેટલો પ્રાણવાયુ તેના રકતમાં ભળે છે તેની માત્રાને ઓકિસજન સેચ્યુરેશન એટલે કે રકતની પ્રાણવાયુ ભેળવવાની સંતૃપ્તતાની ક્ષમતા દર્શાવે છે. 'પલ્સ ઓકિસમીટર' થી મેળવેલ આંક મુજબ વ્યકિતનો જો ઓકિસજન સેચ્યુરેશન રેટ ૯૫ થી ૧૦૦નો હોય તો તે સામાન્ય કહેવાય છે. જો આ રેટ ૯૦ થી ૯૪ હોય તો તેને 'માઈલ્ડ' સ્થિતિ કહેવાય છે, જો રેટ ૮૫ થી ૮૯ સુધી હોય તો તે 'મોડરેટ' કેટેગરીમાં આવે છે અને જો ૮૫ થી નીચે હોય તો તે 'સિવિયર' કક્ષામાં મુકવામાં આવે છે.

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણના મત મુજબ 'વ્યકિતનું શરીર તેની જરૂરિયાત તથા ક્ષમતા અનુસાર ઓકિસજન ગ્રહણ કરે છે પરંતુ જો કોઈ વ્યકિત, દમ, અસ્થમા, ફેફસાના કેન્સર કે સોજો અથવા કોરોના જેવી બિમારીનો શિકાર હોય તો તેણે ગ્રહણ કરેલો ઓકિસજન પુરેપુરો રકતમાં ભળતો નથી જેના કારણે તેને વધુ સંખ્યામાં ઝડપથી શ્વાસ લેવા પડે છે જેને આપણે હાંફ ચઢવી કહીએ છીએ. જો કે 'પલ્સ ઓકિસમીટર' થી માપેલ રેટ અનુસાર જો ઓકિસજનનું સેચ્યુરેશન ઓછું આવે તો તેનો મતલબ એવો નથી કે તે વ્યકિત કોરોનાનો શિકાર છે, શકય છે કે તેને ફેફસાંને લગતી અન્ય કોઈ સમસ્યા હોઈ શકે છે, તેજ રીતે જે વ્યકિતનો રેટ નોર્મલ એટલે કે ૯૫ થી ૧૦૦ આવે તો પણ તેને કોરોનાનો ચેપ નથી જ લાગ્યો તેવું પણ તારણ કાઢી ના શકાય. તેથી પલ્સ ઓકિસમીટરનો ઉપયોગ પણ ડૉકટરની દેખરેખ હેઠળ જ કરવો જોઈએ તેવી મારી સલાહ છે.'

પલ્સ ઓકિસમીટર ૩. ૧૫૦૦ થી ૩. ૪ હજારની રેન્જમાં ઉપલબ્ધ

'પલ્સ ઓકિસમીટર'નો અચાનક બજારમાં ઉપાડ વધ્યો છે તેનું કારણ કદાચ સોશિયલ મિડિયા પર વાઈરલ થઈ રહેલા કોરોનાને લગતા જુદા જુદા વિડિયો મેસેજીસ હોઈ શકે છે. હાલ બજારમાં 'પલ્સ ઓકિસમીટર' ૩. ૧૫૦૦ થી ૩. ૪ હજાર સુધીની કિંમતના મળી રહ્યા છે જેમાં બેટરીસેલ વાળા, ઈલેકટ્રીકવાળા જેવી અલગ અલગ સુવિધા સાથેની વેરાયટી ઉપલબ્ધ છે. જયારે બજારમાં થર્મલ સ્કેનરની કિંમત પણ એક હજારથી માંડીને અઢી હજાર સુધીની જોવા મળી રહી છે.

•••••

ટેમ્પરેચર માપતી થર્મલ સ્કેનર ગનનો ઉપયોગ પણ વધ્યો

'પલ્સ ઓકિસમીટર'ની સાથે સાથે થર્મલ સ્કેનર ગનનો ઉપયોગ વધ્યો છે જે સામેવાળી વ્યકિત સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવીને તેનું ટેમ્પરેચર માપવા ઉપયોગમાં લેવાય છે. લેઝર ટેકનિકથી ચાલતી આ થર્મલ સ્કેનર ગન સરકારી કાર્યાલયો, હોસ્પિટલ્સ, જાહેર સ્થળોએ જયાં વધુ પ્રમાણમાં વ્યકિતઓની અવરજવર હોય ત્યાં ઉપયોગ કરવામાં આવે છે. હવે આ સ્કેનરનો ઉપયોગ નાના દુકાનદારો, શો રૂમ ધારકો, સોસાયટીઓ, ખાનગી કંપનીની ઓફિસો, બ્યુટીપાર્લર વગેરે સ્થળોએ પણ વધવા લાગ્યો છે આ ઉપરાંત નાના મોટા કાર્યક્રમના આયોજનો માટે સંસ્થાઓ દ્વારા પણ તેને વસાવવામાં આવે છે.